અગત્યનું .


જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૯૩ /૨૦૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ , ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧,ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in


તા૧૩/૭/૧૫

વિષય:- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના અન્વેષણ વ્યવસ્થા બાબત.

પરિપત્ર:-

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,કૃષિ અને સહકાર વિભાગનાં નોટિફિકેશન ક્રમાંક:–જીએચકેએચ–૪૯–૨૦૧૫–જીસીએસ–૧૦૨૦૧૫–૧૯૩–સીએચએસ અન્વયે તા. ૦૭/૦૪/૨૦૧૫ નાં ગુજરાત એકટ નં. ૧૨/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ –૧૯૬૧ માં સુધારા કરવામાં આવેલ છે,જેમાં અધિનિયમ ની કલમ–૮૪ ધ્યાને લેતાં, પ્રત્યેક સહકારી મંડળીઓનાં હિસાબોનું દર વર્ષે એક વખત ઓડીટ થાય તે માટે ની અન્વેષણ વ્યવસ્થા રજિસ્ટારશ્રીએ ગોઠવવાની રહેશે.તેમજ ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી થાય તે હેતુથી નિશ્ચિત સમય મર્યાદામાં અન્વેષણ અહેવાલમાં દર્શાવેલ ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી કરવામાં જે કોઈ સહકારી મંડળીઓ નિષ્ફળ જાય તેને રૂ.૫૦૦૦/–થી વધું નહી તેટલી રકમનો દંડ (પેનલ્ટી )કરવાની સત્તાઓ રજિસ્ટારશ્રીને આપવામાં આવી છે.

સહકાર કમિશ્નરશ્રી અને રજિસ્ટારશ્રી સહકારી મંડળી, ગુ.રા. ગાંધીનગરનાં તા. ૦૬/૦૧/૧૪નાં પરિપત્ર ક્રમાંક:અષણ/૨૨/જ–૨/૧/૨૦૧૪થી તારીજનાં આધારે ઓડીટ ફાળવણી માટે,અન્વેષણ ક્ષમતાનાં ધોરણો નકકી ગયેલ છે.તે અનુસારની પાત્રતા ધરાવતા અન્વેષકોને સહકારી મંડળીઓનું ઓડીટ ફાળવવાનું રહે છે.પરંતુ અનુભવે એવું જણાયું છે કે અન્વેષણ વ્યવસ્થા અંગેના નિયત રજિસ્ટરો યોગ્ય રીતે ન નિભાવવા,રજિસ્ટરમાં સાચી વિગતો ન ભરવી,અધિકારી ગેર માર્ગે દોરાય તેવી આંકડાકીય વિગતો ભરવી,નિયત પાત્રતા ધરાવતા અન્વેષકને સહકારી મંડળીઓનું ઓડીટ ફાળવવું,એકજ અન્વેષકને વારંવાર સંબધિત સહકારી મંડળીનું ઓડીટ ફાળવવું,ઓડીટ દુરસ્તી અહેવાલ પ્રત્યે દુર્લક્ષ સેવવું, સંબધિત ઓડીટરને સહકારી મંડળીનું ઓડીટ ફાળવેલ ન હોવા છતાં જે તે સહકારી મંડળીનું ઓડીટ કરી અન્વેષણ અહેવાલ રજૂ કરવો,જે અહેવાલ તેમજ તેની દુરસ્તીને સબંધિત સ્પેશ્યલ ઓડીટરશ્રી, ઓડીટર ધ્વારા માન્ય કરવી વગેરે પ્રકારની અનિયમીતતાઓ ધ્યાનેઆવેલ છે.આ પ્રકારની કાર્યપધ્ધતિ સહકારી મંડળીની અન્વેષણ વ્યવસ્થા તેમજ જાહેર વહીવટના હિત વિરૂધ્ધની બાબત છે. આથી અન્વેષણ વ્યવસ્થા બાબતે નીચે જણાવેલ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧) અન્વેષણ વ્યવસ્થા બાબતનાં નિયત કરેલ રજિસ્ટરો ચોકકસ રીતે, સુવાચ્ય અક્ષરોમાં, સાચી આંકડાકીય વિગતો દર્શાવીને નિભાવવાના રહેશે, જો આ બાબતે નિષ્કાળજી સેવવામાં આવશે, સરકારી રેકર્ડમાં ખોટી વિગતો ભરી,ખોટું રેકર્ડ ઉભું કરવા બદલની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે.

(૨)સહકાર કમિશ્નરશ્રીની સ્થાયી સૂચનાનુસાર પાત્રતા ધરાવતાં અન્વેષકોને તેમની પાત્રતા અનુસારની સહકારી મંડળીની ઓડીટની કામગીરી ફાળવવાની રહેશે.

(૩) અન્વેષણ અહેવાલની દુરસ્તી બાબતે પણ ચોકકસ તકેદારી રાખવાની રહેશે તેમજ અધિનિયમની કલમ–૮૫ માં આ બાબતે કરેલ પેનલ્ટી હુકમ અપીલને પાત્ર હોવાથી કયાં કારણોસર અન્વેષણ દુરસ્તી અમાન્ય કરેલ છે.તેના સ્પષ્ટ કારણો દર્શાવવાના રહેશે.તેમજ કલમ–૮૫ નાં પરિપ્રેક્ષ્યમાં અન્વેષણ દુરસ્તી અહેવાલ રજૂ કરવા માટેની ચોકકસ સમય મર્યાદા નિયત કરી,તેની સબંધિત સહકારી મંડળીને

ધોરણસરની પધ્ધતિથી જાણ કરવાની રહેશે. જેથી કાનુની વિવાદ ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેનો હુકમ માન્ય રહે તે પ્રકારની પૂરતી કાળજી લેવાની રહેશે.

(૪)જે તે ઓડીટરને સબંધિત મંડળીનું ઓડીટ ફાળવેલ હોય,તે ઓડીટ ફાળવણીનાઆદેશ ક્રમાંકની નોંધ ઓડીટ અહેવાલ ના પ્રથમ પાના ઉપર કરવાની રહેશે,તેમજ તેની નકલ અન્વેષણ અહેવાલ સાથે રજુ કરવાની રહેશે,અન્વેષણ માટે સહકારી મંડળી ફાળવેલ ન હોવા છતાં જે કોઈ ઓડીટરે સહકારી મંડળીનું ઓડીટ કરી ઓડીટ મેમો રજુ કરેલ હોઈ તેવી મંડળીનું ટેસ્ટ ઓડીટ/સ્પેશ્યલ ઓડીટ હાથ ધરવાનું રહેશે.તેમજ સબંધિત ઓડીટર જો સહકાર ખાતાના પ્રવત કર્મચારી હોય તો તેઓને કારણદર્શક નોટિસ પાઠવી તેમનો ખુલાસો મેળવી ગુણદોષ પર ધોરણસરની શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.તેમજ પેનલ ઉપરના અન્વેષકે જો આ પ્રકારનું કૃત્ય આચરેલ હોય તો તેને પેનલ પરથી દુર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા તેમજ સંબધકર્તા તમામ અન્વેષકોના ધ્યાને મુકવા જણાવવામાં આવે છે. આ પરિપત્રના અમલીકરણ સબંધી નિષ્કાળજી કે બેદરકારીને ગંભીરતાથી લેવામાં આવશે,જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી,
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર.

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ).

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)